ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G





ભજ-ગોવિંદમ્ - સમદર્શન આશ્રમ આયોજીત 'જ્ઞાનસત્ર'નો મંગલપ્રારંભ ગુરૂવારની સાંજે કડી કેમ્પસ હોલમાં ભાવપૂર્ણ વાતાવરણમાં કરાયો હતો. પૂજ્ય ગુરૂમા 'ભજ-ગોવિંદમ્' સ્તોત્ર પર સાત દિવસ વ્યાખ્યાન આપશે. શંકરાચાર્ય મહારાજ રચિત ભજ-ગોવિંદમ્ સ્તોત્ર - ભક્તિ મહિમાગાન કરાવે છે... પૂજ્ય ગુરૂમા સરળ ભાષામાં ભજ-ગોવિંદમ્‌ના ૩૧-૩૧ શ્લોકોનું અર્થઘટન ભાવિકોને સમજાવશે... ગુરૂમાની અમૃતવાણીનો લાભ લેવા ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં પ્રથમવાર દેશ-વિદેશની ૩૫ હજાર જેટલી પ્રોડક્ટ્સ ડિસ્પ્લે થશે

## દરિયા કિનારાના શહેરો માટેના પ્રોજેક્ટને ત્વરીત મંજૂરી આપવાનો ઈરાદો

પાટનગરના જૂના હેલિપેડ સ્થળે ૧.૨૫ લાખ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલા ગ્લોબલ ટ્રેડ શો માં ૩૫,૦૦૦ જેટલી પ્રોડક્ટ્સ ડિસપ્લે કરવાનો કંપનીઓનો ઈરાદો છે, જે ભારતભરમાં સૌથી વિક્રમી સંખ્યા હશે.

ઉદ્યોગ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે આ મેગા એક્ઝિબિશનમાં ૧૬ પેવેલિયન બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે ૧૫ જેટલા સેક્ટરો ઉપર ફોક્સ રહેશે. આ ટ્રેડ શો માં ૧૪૦૦૦ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવી રહ્યાં છે. જાપાન, કેનેડા, જર્મની, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, યુકે, યુએસએ અને નેધરલેન્ડ સહિતના દેશોની પ્રોડક્ટ્સ આ વખતે મોટી માત્રામાં જોવા મળી રહેશે.

**કાઉન્ટ ડાઉન વાયબ્રન્ટ સમિટ**

ગુજરાત સરકારે જે ૧૫ સેક્ટર ફોક્સ કર્યા છે તેમાં એગ્રીકલ્ચર, એજયુકેશન, ઓઈલ-ગેસ, પાવર, અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઓટોમોબાઈલ્સ, આઈટી એન્ડ ટેલિકોમ્યુનિકેશન્સ, આયુર્વેદ એન્ડ ફુડ નેસેસિંગ, જેમ્સ એન્ડ જ્વેલરી, ટેક્સટાઈલ્સ એન્ડ હેન્ડલૂમ્સ, માઈન્સ એન્ડ મિનરલ્સ, ટુરિઝમ એન્ડ વુમન એન્ટરપ્રિનિયોર્સ નો સમાવેશ થાય છે.

ગુજરાત સરકાર રાજયમાં ૧૩ જેટલા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિઝિયન બનાવાનો ઈરાદો ધરાવે છે જે ૧૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવરી લે છે. આ રિઝિયન પૈકીનો ૩૮ ટકા વિસ્તાર તો દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં સમાવિષ્ટ થાય છે.

રાજય સરકારે સૌ પ્રથમવાર પોર્ટબેઝ અને દરિયાકિનારાના ડેવલપમેન્ટના પ્રોજેક્ટોને સ્વિકારીને તેને ત્વરીત મંજૂરી આપવાનું નક્કી કર્યુ છે. આ પ્રોજેક્ટ્સ પૈકી સરકાર દરિયાકિનારાના શહેરો માટે ખૂબ આશાવાદી હોવાનું સૂત્રોએ કહ્યું છે.

# ગાંધીનગરાઓને ઠાર અને પવન ધ્રુજાવે છે

ગાંધીનગર, તા. ૧૮

લઘુત્તમ તાપમાનને ૬ ડિગ્રી સુધી લઈ જનાર કોલ્ડ વેવની અસર ઓછી થઈ છે અને લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી પહોંચ્યું છે. પરંતુ બેઠા ઠાર અને દિવસ દરમ્યાન ફુંકાતા પવનથી વસાહતીઓ ધ્રુજી રહ્યા છે.

આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરી રાખવા પડે તેવી ઠંડી છેલ્લા કેટલાક દિવસોથી પડી રહી છે. કોલ્ડવેવની અસર તળે થોડાક દિવસો અગાઉ લઘુત્તમ તાપમાન રેકોર્ડ ૬ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જો કે



(તસવીર : કશ્યપ નિમાવત)

છેલ્લા ત્રણ દિવસમાં ઠંડીમાં ઘટાડો થયો છે અને બુધવારે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. લઘુત્તમ તાપમાન વધ્યુ હોવા છતાં રાત્રે અને વહેલી સવારે ઠાર પડે છે અને દિવસ દરમ્યાન પવન ફુંકાય છે જેના કારણે વસાહતીઓએ ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કર્યું છે.

ઘરના બારી-બારણા આખો દિવસ બંધ રાખવા પડે તેવો પવન ફુંકાય છે. બાળકો અને વડીલો ઠંડીમાં હેરાન થઈ રહ્યા છે. જ્યારે ઝુંપડાઓમાં રહેતા શ્રમજીવીઓ તાપણા સળગાવી ઠંડીમાં રાહત મેળવી રહ્યા છે.

# સોલ્ટ માઉન્ટની સફાઈનું કામ શરૂ : મુંબઈથી ટીમ આવી છે

## સોલ્ટ માઉન્ટને ચકાચક બનાવવા ઝેડ-સ્પ્રેથી સફાઈ થઈ રહી છે : હજુ અઠવાડીયુ કામ ચાલશે





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા મંદિરને અનુલક્ષી ભવ્ય સોલ્ટ માઉન્ટની પ્રતિકૃતિનું નિર્માણ કરવામાં આવ્યું છે. સોલ્ટ માઉન્ટ તૈયાર થઈ ગયો છે. જ્યારે આગામી મહિનમાં સોલ્ટ માઉન્ટનું ઉદ્ઘાટન પણ કરવામાં આવનાર છે. હાલ સોલ્ટ માઉન્ટની સફાઈ કરવામાં આવી રહી છે. સોલ્ટ માઉન્ટને સ્વચ્છ કરવા મુંબઈથી આવેલા કારીગરો દ્વારા ઝેડ-સ્પ્રે કરવામાં આવી રહ્યો છે. સોલ્ટ માઉન્ટની ઝીણવટભરી સફાઈ માટે હજુ એક સપ્તાહનો સમય લાગશે.

મહાત્મા મંદિર પાસે મીઠાના સત્યાગ્રહની પ્રતિકૃતિરૂપે ભવ્ય સોલ્ટ માઉન્ટ તૈયાર કરવામાં આવ્યો છે.સોલ્ટ માઉન્ટનું કામ પૂર્ણ કરી દેવાયું છે. તોતિંગ મીઠાના ખડકની આ પ્રતિકૃતિને અનુલક્ષી સોલ્ટ માઉન્ટ ફરતે રસ્તા બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત સોલ્ટ માઉન્ટને લઈ ભવ્ય મ્યુઝિયમ પણ બનાવવામાં આવી રહ્યું છે. મ્યુઝિયમમાં ગાંધીજીના ઐતિહાસિક ચલચિત્રો ઉપરાંત વિવિધ પ્રસંગોને તાદશ્ય કરતી પ્રતિકૃતિઓ મુકવામાં આવશે. હાલ મ્યુઝિયમનું કામ પણ ચાલી રહ્યું છે. જે ટુંકમાં પૂર્ણ કરી દેવાશે. સોલ્ટ માઉન્ટનું ઉદ્ઘાટન પણ વાઈબ્રન્ટ સમિટ પૂર્વે કરી દેવાશે. રાષ્ટ્રપતિના હસ્તે સોલ્ટ માઉન્ટ ઉદ્ઘાટન કરવામાં આવનાર છે. જ્યારે હાલ સોલ્ટ માઉન્ટની સફાઈ હાથ ધરવામાં આવી છે. મુંબઈના કારીગરો દ્વારા સોલ્ટ માઉન્ટને ઝેડ-સ્પ્રે થી સાફ કરવામાં આવી રહ્યો છે.હજુ સોલ્ટ માઉન્ટની સફાઈ પાછળ અઠવાડિયાનો સમય લાગશે.

# વાયબ્રન્ટ સમિટમાં બોલીવુડ પણ ચમકશે

## અમિતાભ બચ્ચન, શાહરૂખ, આમીર અને સલમાન ખાન ઉપસ્થિત રહેશે

ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં આ વખતે નેતાઓની સાથે અભિનેતાઓ પણ ચમકશે તેવું લાગી રહ્યું છે, કારણ કે રાજયના ઉદ્યોગ વિભાગની ઈન્વેટેશનની યાદી જોઈએ તો તેમાં બોલીવુડના ખ્યાતનામ કલાકારોના નામ પણ સામેલ છે.

બિલ ગેટ્સ, માર્ક ઝૂકરબર્ગ સહિત વિશ્વની ખ્યાતનામ સોશ્યલ

● અનુસંધાન પાન-૭ પર

# શુભ-લાભ આવાસ યોજનાને અનુલક્ષી દુકાનો બાંધવાનું કામ શરૂ

## રાયસણમાં આવાસ યોજનાનું કામ પણ આખરી તબક્કામાં

ગાંધીનગર, તા. ૧૮

ગુડાની શુભ-લાભ આવાસ યોજનાનું કામ પુર્ણાતાના આરે છે. રાયસણમાં સ્થિત આવાસ યોજનાનું કામ આખરી તબક્કામાં છે, જ્યારે હાલ આ વિસ્તારમાં ગુડા દ્વારા નવી દુકાનો બનાવવાનું કામ પણ શરૂ કરી દેવાયું છે. આવાસ યોજનાને અનુલક્ષી ૧૦ દુકાનો બાંધવામાં આવી રહી છે.

ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે ગુડા દ્વારા રાયસણ, ચિલોડા તેમજ અડાલજમાં શુભ-લાભ આવાસ યોજનાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આવાસ યોજનાને અનુલક્ષી લાભાર્થીઓને મકાનો ફાળવવા અગાઉ ડ્રો ની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. હાલ આ આવાસ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. જ્યારે આગામી ત્રણ મહીનામાં આ કામગીરી પૂર્ણ થઈ જશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. ગુડાની આ આવાસ યોજનાને અનુલક્ષી શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આવાસ યોજનાના વિસ્તારમાં નાના શોપિંગ

● અનુસંધાન પાન-૭ પર



માર્ગો ચકાચક - વાયબ્રન્ટસમિટના પગલે ગાંધીનગરના રાજમાર્ગોની સજાવટનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. અંતિમ તબક્કામાં ચાલતી કામગીરીથી માર્ગો ચકાચક બની રહ્યા છે... ગાંધીનગરના નગરજનો ઈચ્છે છે માત્ર વાયબ્રન્ટ પુરતા જ નહિ પરંતુ કાયમી આવા જ માર્ગો રહે અને નગરના તમામ માર્ગો આવા બને એવી માંગણી છે... ચ-માર્ગ અને ઘ-માર્ગ, ખ-માર્ગ અને ગ-માર્ગ મહેમાનોને આવકારવા જાણે તત્પર હોય તેમ બની-ઠનીને આકર્ષક બનાવાયા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજરાતમાં ગુજરાતી ભાષાને બચાવવા હવે બોર્ડ ઓલિમ્પિયાડ હેઠળ ૧૨ સ્પર્ધાઓ યોજશે

## ગુજરાતી ભાષામાં ઓ.એમ.આર. ચાલુ રાખવું કે કેમ ? તે અંગે વધુ એક સમિતિ

ગાંધીનગર, તા.૧૮

ધો.૧૦માં ભણતા વિદ્યાર્થીઓ પણ ગુજરાતી ફાષામાં નબળા છે અને એટલે જ છેલ્લી પરીક્ષામાં ૧,૬૦,૦૦૦ બાળકો ગુજરાતીમાં નાપાસ થયા હતા.

આ અત્યંત ચોંકાવનારી હકીકત છે અને એટલે જ ભાષાના વિષયમાં ઓ.એમ.આર. પદ્ધતિ ચાલુ રાખવી કે નહિ તે વિશે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ એક સમિતિની રચના કરી છે.

માધ્યમિક શિક્ષણ બોર્ડની શેક્ષણિક સમિતિની આજે મળેલ બેઠકમાં ગુજરાતી સહિતની ભાષાઓમાં બાળકોના નબળા દેખાવને લઈ ખૂબ જ ચિંતન કરાયું હતું.

સમિતિની આજની બેઠકમાં ગુજરાતી ભાષાના વિકાસ માટે શાળા, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ ૧૨ જેટલી સ્પર્ધાઓ ભાષાની રમાજવા માટેનો નિર્ણય લેવાયો એટલું જ નહિ આ માટે માતૃભાષા અભિયાન કામગીરી કરી તેને ગુજરાતી ઓલિમ્પિયાડ નામ આપવું તેવું નક્કી પણ કરવામાં આવ્યું.

ભાષાના ઉત્તરોમાં બાળકોની તકલીફોને લઈ અભ્યાસક્રમો સરળતાથી શિક્ષકો શીખવી શકે તે માટે સીડી બનાવવાની વિચારણા કરાઈ તેમજ પાઠ્યપુસ્તકો સાથે સંદર્ભ પુસ્તકોની સુચી પણ આપવી તેમ નક્કી થયું.

શૈક્ષણિક સમિતિએ ધો.૧૦માં ઓ.એમ.આર. પદ્ધતિ હાલ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. જો કે આ પદ્ધતિ કેટલો સમય ચાલુ રાખવી તે અંગેનો ખુલાસો બોર્ડની સત્તાવાર અખબારી યાદીમાં કરાયો નથી.

ગુજરાતી શાળાઓમાં ગુજરાતી ભાષાનું જ શિક્ષણ નબળુ મળી રહ્યાની ચોંકાવનારી હકિકત જે રીતે બહાર આવી છે તે અત્યંત ગંભીર છે.

આજની બેઠકમાં ધો.૧૨ના જુથ-૪માં વધુ બે વિષયો ઉમેરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં ધો.૯ થી ૧૨ના જે નવીન અભ્યાસક્રમ બનાવ્યા છે તે બોર્ડના સભ્યશ્રીઓ સમીક્ષા કરાવે અને પછી મંજુરી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં ગાંધીનગ જિલ્લાના શિક્ષણની ચિંતન શિબિર દરમિયાન શિક્ષકોએ ધો.૯માં પ્રવેશ પહેલા પ્રવેશ પરીક્ષા જેવી પરીક્ષાનું સૂચન કરતાં જણાવ્યું હતું કે, બાળકો ભાષા સહિતના વિષયોમાં નબળા જણાયા છે અને તેને કારણે બોર્ડનું પરિણામ બગડે છે.

# ગુડા દ્વારા પણ માર્ગોની સફાઈ અને રીસરફેસીંગ કામો હાથ ધરાયા

## કોબા-ગાંધીનગર અને પીડીપીયુ તરફ જવાના માર્ગની સફાઈ તેમજ બ્યુટીફીકેશન

ગાંધીનગર, તા.૧૮

વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ નગરને પણ વાઈબ્રન્ટ લુક આપવાનું કામ હાથ ધરાયું છે. શહેરના મુખ્યમાર્ગની સિકલ બદલાઈ ગઈ છે આ ઉપરાંત મહાનુભાવોની અવર જવરને અનુલક્ષી કોબા-ગાંધીનગર તેમજ પીડીપીયુ તરફના માર્ગની સફાઈ, રીસરફેસીંગ તેમજ સ્ટ્રીટલાઈટ સંબંધિત કામગીરી પણ ગુડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વિવિધ દેશોના પ્રધાનમંત્રી ઉપરાંત દેશવિદેશનાડેલીગેટસ સહીત દુનિયાના વીઆઈપી મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે ત્યારે ઐતિહાસિક વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારમાં પણ માર્ગ નવીનીકરણ સફાઈ તેમજ બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન કોબા ગાંધીનગર માર્ગ પર મહાનુભાવોની વિશેષ અવર જવર રહેવાની હોવાથી આ માર્ગનું રીસરફેસીંગ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત સફાઈ તેમજ રોડ ફર્નિચરને અનુલક્ષી બ્યુટીફીકેશનના કામો પણ હાથ ધરવામાં આલ્યા છે. પીડીપીયુ ખાતે પણ સીઈઓ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **ખેંગારજી શીવજી ચૌહાણ** (નિવૃત અધિક્ષક ઈજનેર) નું તા.૧૬-૧૨-૧૪ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૯-૧૨-૧૪ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : ૬૫૪, સેક્ટર-૨૨, વાસ્તુનિર્માણ સોસાયટી, ગાંધીનગર

ભગવતીબેન ખેંગારજી ચૌહાણ
ચંદાબેન ખેંગારજી ચૌહાણ

ડો. ચંદ્રેશ ખેંગારજી ચૌહાણ
ધારીણી ચંદ્રેશ ચૌહાણ
માહી, ધૈર્ય

**ભાવભીની હૃદયાંજલિ**



**ડો. પ્રશાંત મેરજા**
તા. ૨/૫/૮૫ થી સદાકાળ....
૩૫૩, સેક્ટર-૮, ગાંધીનગર

પૂ. બા - વજીબા
પૂ. બાપુજી - અમરશીભાઈ

**પ્રાણ પ્યારા પ્રશાંતને...**
**૮૦મી માસિક પુણ્યતિથિએ...**

'ગુજારે એક સાથ જો પલ,
ઉસે ભૂલાના આસાન હોતા હૈ કહાં,
તુઝસે બિછડને કે બાદ,
આજ ભી વિરાના સા
દિખતા હૈ જહાં,

ચાર્મી - જય - પાયલ
શ્રીમતી રીંકુ સન્ની મેરજા
શ્રીમતી ભાવના સુરેશ સરડવા
શ્રીમતી રેખા રમેશ મેરજા
શ્રીમતી સુશીલા બ્રિજેશ મેરજા

॥ શ્રદ્ધાંજલિ ॥



**સ્વ. શંકરભાઇ પટેલ** (વાલી મંડળ)
સ્વ. તા. ૧૦.૧૨.૨૦૧૪

આપ હતા રાહબર અમારા,
વડિલ હતા, વિચારક હતા,
સ્વાર્થથી પર સેવામય જીવન આપનું,
હરપળ પ્રેરણા આપતુ રહેશે અમોને.

**CHANGE OF NAME**

I Have Changed My Name From **Bharatkumar Kavathiya** To **Bharatbhai Kavathia**

Address : Plot No. 624/B, Sector-8, Gandhinagar-382007.

**CHANGE OF NAME**

I Have Changed My Name From **Shardaben Bharatkumar Kavathiya** To **Shardaben Bharatbhai Kavathia**

Address : Plot No. 624/B, Sector-8, Gandhinagar-382007.

SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ**

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com